# C P PATEL & F H SHAH COMMERCE COLLEGE, (AUTONOMOUS)

## E-News (2025-2026)

## સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ (ઓટોનોમસ) કોલેજમાં એક દિવસીય રાજ્ય સ્તર ના વર્કશોપ સાયબર સિક્યુરિટી યુઝિંગ મોબાઇલ એપ્લિકેશન – બ્રેઇન ટેક ૨૦૨૬ નું આયોજન



સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ (ઓટોનોમસ) કોલેજ, આણંદના બી.સી.એ. બી.બી.એ.–આઈ.ટી.એમ., પી.જી.ડી.સી.એ., એમ.એસસી. (ડેટા સાયન્સ) તથા એક્રિલ વિભાગ દ્વારા નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી) તથા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી “સાયબર સિક્યુરિટી યુઝિંગ મોબાઇલ એપ્લિકેશન – બ્રેઇન ટેક ૨૦૨૬” વિષય પર એક દિવસીય રાજ્ય સ્તર ના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં ૨૭૫ કરતાં વધુ વિદ્યાર્થીઓ અને પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં પારુલ યુનિવર્સિટી, સી.વી.એમ. યુનિવર્સિટી, ચારુસેટ યુનિવર્સિટી, આઈ.ટી.એમ. વોકેશનલ યુનિવર્સિટી તથા આણંદ આસપાસની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ સામેલ રહ્યા હતા. વર્કશોપ અંતર્ગત હેન્ડ્સ-ઓન પ્રેક્ટિકલ સેશન સાથે કોડ બ્લાસ્ટ અને આઈ.ટી. ક્વિઝ જેવી રસપ્રદ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તથા સેક્રેટરી ડૉ. બી. એન. પટેલ, જોઇન્ટ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અન્વેશભાઈ પટેલ, આઈ/સી પ્રિન્સિપલ ડૉ. તેજલ તન્ના, કેમ્પસ ડિરેક્ટર શ્રી કાર્તિક દવે, એકેડેમિક ડિરેક્ટર ડૉ.

અંકિતા, એસ.પી.ઈ.ટી.ના ઓએસડી ડૉ. મન્સૂરી તથા શ્રી હિમ્મતભાઈ પટેલની ઉપસ્થિતિ અને આશીર્વાદથી વિશેષ ગૌરવ મળ્યું હતું.

વર્કશોપના ટેક્નિકલ સેશનનું સંચાલન શ્રી નિશિત કવાણે અને શ્રી એન. એ. રાવત દ્વારા કરવામાં આવ્યું હતું, જેઓ પ્રસિધ્ધ પ્રાઇવેટ ડિટેક્ટિવ, સિસ્ટમ સિક્યુરિટી એડવાઇઝર તથા ડિજિટલ ઇન્વેસ્ટિગેટર તરીકે જાણીતા છે. તેમણે સોશિયલ મીડિયા પર સલામત ઓનલાઈન વર્તન, સાયબર ખતરાઓ તથા ડિજિટલ સુરક્ષા અંગે હેન્ડ્સ-ઓન પ્રેક્ટિકલ ડેમો સાથે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રોગ્રામની પૂર્ણાવૃત્તિ સમારંભ દરમિયાન S.P.E.T. ના જોઇન્ટ સેક્રેટરી શ્રી રમેશભાઈ પટેલ તથા ઓએસડી ડૉ. મન્સૂરી ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઇવેન્ટ કોઓર્ડિનેટર ડૉ. નયન પટેલ, ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી ડૉ. મિતેશ પટેલ, શ્રી ભદ્રેશ જાદવ તથા કમ્પ્યુટર વિભાગના તમામ સ્ટાફ સભ્યોની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ સ્ટાફ સભ્યોની મહેનત અને સંકલિત પ્રયાસોથી આ કાર્યક્રમને વિશેષ સફળતા મળી હતી.

# C P PATEL & F H SHAH COMMERCE COLLEGE (AUTONOMOUS) માં પતંગ ઉત્સવની ઉજવણી




તારીખ 13 જાન્યુઆરી 2026 ના રોજ SARDAR PATEL EDUCATION TRUST સંચાલિત C P PATEL & F H SHAH COMMERCE COLLEGE (AUTONOMOUS)ના BCA. BBA-ITM, PGDCA, MSc. DS(DATA SCIENCE), MCA ડિપાર્ટમેન્ટમાં પતંગ ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી.

પતંગ ઉત્સવની ઉજવણીમાં વિધાર્થીઓ ને ખરા અર્થમાં મકરસંક્રાંતિનો અર્થ પ્રોફેસર શનિ પટેલ દ્વારા કહેવામાં આવ્યો ત્યારબાદ ભાગ લેનાર સર્વે વિધાર્થીઓ અને સ્ટાફગણ અગાસી પર ડીજેના તાલ સાથે ઉમળકાભેર પતંગ અને દોરી સાથે આનંદ ઉલ્લાસથી પતંગ ઉત્સવની ઉજવણી કરી હતી.

વિભાગના વડા ડો. નયન પટેલ દ્વારા દરેક વિધાર્થીઓને ઉત્સાહ પૂરો પાડવામાં આવ્યો. આ પ્રસંગે કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. તેજલ તન્ના મેડમ તથા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને સેક્રેટરી ડો. ભીખુભાઇ પટેલ સાહેબ પણ વિધાર્થીઓ સાથે આ પ્રસંગે હાજર રહી વિધાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને આવા ને આવા ઉત્સવો ભણતરની સાથે ઉજવી ઉત્સવોની મહત્તા વધારવાની ખાસ વાત કરી હતી.

સમગ્ર ઉત્સવ નું સંચાલન પ્રો. શનિ પટેલ અને પ્રો. યોગેશ સોલંકી દ્વારા ડો. નયન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તેમજ દરેક સ્ટાફ મિત્રો અને સેવક મિત્રોના સહયોગથી આ કાર્યક્રમ સફળ પૂર્વક પૂર્ણ થયો હતો.

# સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ શાહ કોલેજ ના બીસીએ (સ્વનિર્ભર), વિભાગ દ્વારા "જન્માષ્ટમી" નો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો












સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ કોલેજ, બીસીએ વિભાગ દ્વારા 14 ઓગસ્ટ 2025, ગુરૂવારના રોજ જન્માષ્ટમીનો કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં અંદાજે 170 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ટ્રસ્ટના જોઈન્ટ સેક્રેટરી શ્રી અન્વેષ ભાઈ પટેલ તથા કોલેજના વાઇસ પ્રિન્સિપાલ ડૉ. તેજલ તન્ના મેડમ હાજર હતા. તેઓએ કૃષ્ણ ભગવાની આરતી સાથે કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેમાં ડિપાર્ટમેન્ટના વડા પ્રોફેસર નયન એસ. પટેલ તથા અન્ય અધ્યાપક હાજર રહ્યા હતા. બધા વિદ્યાર્થીઓએ કેમ્પસને ગોકુળની જેમ શણગારીને મટકી ફોડ નો કાર્યક્રમ ઉજવ્યો હતો. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સેક્રેટરી ડોક્ટર બી. એન. પટેલ સરે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓને આર્શિવચન આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીસીએ વિભાગના પ્રોફેસર શ્રી. યોગેશ સોલંકી સંભાળ્યું હતું.

# સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ (ઓટોનોમસ) કોલેજ, આણંદ

# બી.સી.એ., બી.બી.એ.–આઈ.ટી.એમ., પી.જી.ડી.સી.એ., એમ.એસસી. (ડેટા સાયન્સ) વિભાગ



સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ (ઓટોનોમસ) કોલેજ, આણંદના બી.સી.એ., બી.બી.એ.–આઈ.ટી.એમ., પી.જી.ડી.સી.એ., એમ.એસસી. (ડેટા સાયન્સ) તથા એક્રિલ વિભાગ દ્વારા નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી) તથા શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના સહયોગથી **"રીસર્ચ થ્રૂ મશીન લર્નિંગ ટેકનોલોજી**" વિષય પર એક દિવસીય નેશનલસ્તર વર્કશોપનું આયોજન તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં ૧૩૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ અને પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. જેમાં પરુલ યુનિવર્સિટી, સી.વી.એમ. યુનિવર્સિટી, ચારુસેટ યુનિવર્સિટી, આઈ.ટી.એમ. વોકેશનલ યુનિવર્સિટી તથા આણંદ આસપાસની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ સામેલ રહ્યા હતા.

કાર્યક્રમને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તથા સેક્રેટરી ડૉ. બી. એન. પટેલ, જોઇન્ટ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અન્વેશભાઇ પટેલ, આઇ/સી પ્રિન્સિપલ ડૉ. તેજલ તન્ના, કેમ્પસ ડિરેક્ટર શ્રી કાર્તિક દવે, એકેડેમિક ડિરેક્ટર, એસ.પી.ઇ.ટી.ના ઓએસડી ડૉ. મન્સૂરી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિ અને આશીર્વાદથી વિશેષ ગૌરવ મળ્યું હતું.

વર્કશોપના ટેક્નિકલ સેશનનું માર્ગદર્શન ડૉ. પ્રીતિ સજ્જા અને ડૉ. સોનલ જૈન દ્વારા આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને મશીન લર્નિંગ તથા ક્લસ્ટરિંગ અલ્ગોરિધમ સંબંધિત ટેક્નિકલ મુદ્દાઓ સરળ રીતે સમજાવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઇવેન્ટ કોઓર્ડિનેટર ડૉ. નયન પટેલ, ઓર્ગેનાઇઝિંગ સેક્રેટરી શ્રી રમેશ પટેલિયા, શ્રી યોગેશ સોલંકી તથા કમ્પ્યુટર વિભાગના તમામ સ્ટાફ સભ્યોની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

તમામ સ્ટાફ સભ્યોની મહેનત અને સંકલિત પ્રયાસોથી આ કાર્યક્રમને વિશેષ સફળતા મળી હતી.

# સી . પી .પટેલ અને એફ .એચ . શાહ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી અભિમુખતા કાર્યક્રમનું આયોજન




સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી .પી .પટેલ અને એફ .એચ. શાહ કોમર્સ (ઑટોનોમસ) કોલેજ આણંદના કોમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા તા.23 જુન 2025 ના રોજ બીસીએ, બીબીએ (આઈટીએમ) તથા પીજીડીસીએના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ડૉ.બી.એન. પટેલ સાહેબશ્રી ધ્વારા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં તમામ અધ્યાપકો સહિત વિભાગના વડાશ્રી ડૉ નયન એસ પટેલ, કર્નલ અનંત ભટ્ટ સાહેબ તથા કોલેજના ઇનચાર્જ આચાર્યશ્રી ડૉ તેજલબેન તન્ના હાજર રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ડૉ નયન પટેલ દ્વારા ગુજરાતની પ્રખ્યાત કોમર્સ કોલેજ જે A+ ગ્રેડ ધરાવે છે તેમાં એડમિશન લેવા બદલ તમામ વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ આપી હતી. ત્યારબાદ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ડૉ લતા વેદ દ્વારા વિદ્યાર્થીઓને કોલેજનાં ઇન્ફ્રાસ્ટ્રકચર જેમ કે લાઇબ્રેરી, મેદાન, સેમિનાર હોલ, કોમ્પ્યુટર લેબ વગેરેથી લઈને શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક કર્મચારીઓથી અવગત કરાવવામાં આવ્યા હતા. આ સાથે સાથે વિદ્યાર્થીઓને આવનારા સમયમાં જે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, તેવા વિષયોની જીણવટ પૂર્વક સમજ પણ આપવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. શનિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં નવા વિદ્યાર્થીઓને આઇસક્રીમ આપી મોં મીઠું કરાવી જે તે ક્લાસ ઇનચાર્જ દ્વારા આવકારવામાં આવ્યા હતા. સમગ્ર અધ્યાપકોએ કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# સી . પી .પટેલ અને એફ .એચ . શાહ  કોમર્સ  કોલેજમાં વાર્ષિકોત્સવ અને અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ફેરવેલનું આયોજન




સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત C P PATEL AND F H SHAH COMMERCE COLLEGE(AUTONOMOUS) ANAND ના BCA,BBA-ITM, PGDCA, M.Sc. (DATA SCIENCE) નો 24 માર્ચ 2026 ના રોજ વાર્ષિકોત્સવ અને અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ફેરવેલની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે સરદાર પટેલ યુનિવર્સિટીના સાયન્સ પ્રવાહના ડીન ડો. દર્શન બી ચોક્સી ઉપસ્થિત રહ્યા હતા જેમણે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આઇટી સેકટરમાં કયા વિષયોમાં વધુ આગળ વધી શકાય તેની સચોટ માહિતી આપી હતી. કાર્યક્રમના પ્રમુખ તરીકે SPET ના મેનેજિંગ ટ્રસ્ટી અને મંત્રી ડો બી એન પટેલ, સંયુક્ત મેનેજિંગ ટ્રસ્ટી અને મંત્રી અનવેષભાઈ પટેલ, સંયુક્ત મંત્રી રમેશભાઈ પટેલ, ઇન્ચાર્જ પ્રિન્સિપલ ડો. તેજલ તન્ના અને વિભાગીય વડા ડો. નયન પટેલ હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી અને ડો. નયન પટેલ દ્વારા સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાની રુચિ પ્રમાણે પોતાના પર્ફોર્મન્સ રજૂ કર્યા હતા જેનાથી કાર્યક્રમની શોભા બમણી થઈ હતી. ડો. મિતેશ પટેલ ના નેતૃત્વ હેઠળ પુરા વર્ષ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ વિડીયો સ્વરૂપે રજુ કરવામાં આવ્યો હતો જેમાં કોલેજના  વિદ્યાર્થીઓ નિષ્કા જયસ્વાલ, રાશિ ભાનુશાલી અને પ્રિતેશ પટેલ એ ખુબ  મહેનત કરી હતી, પ્રોફેસર નિધિ રાણા તથા ડો. લતા વેદ દ્વારા સમગ્ર કાર્યકર્મનું સંચાલન

કરવામાં આવ્યું હતું. અંતમાં પ્રો. શનિ પટેલ દ્વારા આભાર વિધિ અને અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને ધ્યાનમાં લઈને મિત્રતાનું ગીત રજૂ કર્યું હતું જેમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ ભાવુક જોવા મળ્યા હતા. સમગ્ર કાર્યક્રમ વિભાગીય વડા ડો. નયન પટેલ અને ઇન્ચાર્જ પ્રિન્સિપલ ડો. તેજલ તન્ના મેડમના માર્ગદર્શન હેઠળ અને સમગ્ર સ્ટાફ ના સહયોગથી સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ (ઓટોનોમસ) કોલેજના બી.સી.એ.,બીબીએ (આઈટીએમ), પીજીડીસીએ, એમ.સી.એ એન્ડ એમએસસી (ડેટા સાયન્સ) વિભાગ દ્વારા વાલી મિટિંગનું આયોજન






















સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી.પી. પટેલ એન્ડ એફ.એચ. શાહ કોમર્સ કોલેજ,(ઓટોનોમસ) ના BCA, BBA(ITM), PGDCA, MCA અને MSc (Data Science) વિભાગ દ્વારા સોમવાર, તા. 12 જાન્યુઆરી 2026 ના રોજ વાલી મિટિંગનું સફળ આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓના વાલીઓએ કોલેજની મુલાકાત લઈ ફેકલ્ટી સાથે હાજરી, આંતરિક પરીક્ષા, પ્રોજેક્ટ/પ્રેક્ટિકલ કાર્ય, શૈક્ષણિક અને સર્વાંગી પ્રગતિ અંગે ચર્ચા કરી. વાલી મિટિંગનો મુખ્ય હેતુ વાલી-શિક્ષક સંવાદ મજબૂત કરવો, અભ્યાસમાં વાલીઓની ભાગીદારી વધારવી અને વિદ્યાર્થી કેન્દ્રિત અભિગમને

પ્રોત્સાહિત કરવો હતો. વાલીઓએ કોલેજ અને વિભાગોના પ્રયત્નોની પ્રશંસા કરી. માર્ગદર્શક ટ્રસ્ટી શ્રી ડૉ. બી. એન. પટેલ સાહેબે કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી અને પ્રશંસા વ્યક્ત કરી. કોલેજના આચાર્ય ડૉ. તેજલ તન્ના મેડમે વિદ્યાર્થીનીઓને તેમનાં પ્રેરણાદાયક વચનોથી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર વાલી મિટિંગનું આયોજન વિભાગપ્રમુખ ડૉ. નયન એસ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયું તથા તેમને પણ વાલીઓને ઉપસ્થિતિ અને સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ કોલેજ (ઓટોનોમસ),આણંદ

## બી.સી.એ., બી.બી.એ. આઈ.ટી.એમ, પી.જી.ડી.સી.એ., એમ.એસ.સી. (ડેટા સાયન્સ) વિભાગ દ્વારા બિઝનેસ બાજીગર ઇવેન્ટનું આયોજન




સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી. પી. પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ (ઓટોનોમસ) કોલેજ, આણંદના બી.સી.એ. બી.બી.એ.-આઈ.ટી.એમ, પી.જી.ડી.સી.એ., એમ.એસસી. (ડેટા સાયન્સ) વિભાગ દ્વારા તા. ૦૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ **"બિઝનેસ બાજીગર"** ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઇવેન્ટમાં કુલ ૧૪ ટીમો જેમાં ૬૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઇવેન્ટ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના બિઝનેસ સ્ટોલ્સ મૂકવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની ઉદ્યોગસાહસિકતા. બિઝનેસ આઇડિયા અને મેનેજમેન્ટ કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમને વિભાગના તમામ ફેકલ્ટી સભ્યો દ્વારા માર્ગદર્શન અને સહયોગ મળ્યો હતો. કાર્યક્રમના સંકલન માટે કોઓર્ડિનેટર ડૉ. લતા વેદ, પ્રોફેસર મોનિકા યાદવ, પ્રોફેસર નિશા માછી, પ્રોફેસર નિધિ રાણા તથા અન્ય ફેકલ્ટી સભ્યોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આ ઇવેન્ટને મેનેજિંગ ટ્રસ્ટી અને સેક્રેટરી શ્રી ડૉ. બી. એન. પટેલ સાહેબ, કાર્યકારી આચાર્ય ડૉ. તેજલ તન્ના મેડમ તથા એચ.ઓ.ડી. શ્રી ડૉ. નયન પટેલ સાહેબ તરફથી માર્ગદર્શન અને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. તમામ સ્ટાફ ના સદસ્યો અને વિદ્યાર્થીઓના સંકલિત પ્રયત્નોથી આ ઇવેન્ટ સફળ રહી હતી.

## સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ કોલેજ (ઓટોનોમસ),આણંદ

## બીસીએ,બીબીએ (આઇટીએમ),પીજીડીસીએ અને એમએસસી (ડેટા સાયન્સ) વિભાગ




સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ કોલેજ (ઓટોનોમસ) ના

બીસીએ ,બીબીએ (આઇ ટી એમ), પી જી ડી સીએ અને એમએસસી (ડેટા સાયન્સ) વિભાગ દ્વારા

તારીખ 30 અને 31 જાન્યુઆરી 2026 ના રોજ ઇન્ટર ક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન એચ એલ પટેલ હાઈસ્કૂલ, સામરખા ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો હેતુ વિધાર્થીઓ મા રહેલ ખેલ કૌશલ્ય ને વધારવા નો હતો. આ ટુર્નામેન્ટ કુલ નવ (૯) ટીમો એ ભાગ લીધો હતો જેમાં ફાઈનલ મેચ FY ITM અને SY BCA-B ડિવિઝન વચ્ચે થઈ હતો.જેમાં SY BCA-B ટીમ નો વિજય થયો હતો.

આ ટુર્નામેન્ટનું આયોજન કોલેજના કાયેકારી આચાર્ય ડો તેજલ તન્ના મેડમ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વિભાગના એચઓડી ડો નયન એસ પટેલ દ્વારા વિધાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું તેમજ એચ એલ પટેલ હાઇસ્કુલ સંસ્થાના પ્રમુખશ્રી ભાવિનભાઈ પટેલ નો આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર ટુર્નામેન્ટ નું સંચાલન બીસીએ ડિપાર્ટમેન્ટ ના અધ્યાપક ડો મિતેશ પટેલ અને ધર્મેશ સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં ડિપાર્ટમેન્ટ તમામ અધ્યાપકો હાજર રહ્યા હતા.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સેક્રેટરી ડો બી એન પટેલ સરે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ શાહ કોલેજ ના કોમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા "શિક્ષક દિન" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી




સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી પી પટેલ એન્ડ એફ એચ શાહ કોમર્સ કોલેજ, બીસીએ, બીબીએ(આઇટીએમ) અને પીજીડીસીએ વિભાગ દ્વારા સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે "શિક્ષક દિન" કાર્યક્રમની ઉલાસ ભેર ઉજવણી કરવામાં આવી હતી . આ કાર્યક્રમમાં કુલ ૨૫ વિદ્યાર્થીઓએ શિક્ષકનો રોલ ભજવ્યો હતો. જેમાં શિક્ષક તરીકેની પોતાની શ્રેષ્ઠ ભૂમિકા ભજવવા બદલ પ્રથમ ક્રમાંકે તળપદા જાહ્નવી, બીજા ક્રમાંકે પટેલ હીર, ત્રીજા ક્રમાંકે દીવાન સાલેહા અને હુસૈન વોહરા રહ્યા હતા. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તથા સેક્રેટરી ડો. બી એન પટેલ સર, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. તેજલ તન્નાએ આયોજકોને અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ડિપાર્ટમેન્ટ ના એચઓડી ડો. નયન પટેલે વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપ્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડો.મીતેશકુમાર પટેલ અને રમેશભાઈ પટેલીયા દ્વારા કરવામાં આવ્યું હતું.